# CSRને પરોપકાર નહિં, વ્યાવસાયિક બનાવવી પડશે...

## કંપનીઓ માટે ચોખ્ખા નફાનો 2 ટકા હિસ્સો સીએસઆર પ્રવૃત્તિ પાછળ ખર્ચ કરવાનું ફરજિયાત...




**સા**માજિક જવાબદારી અદા કરવી, માનવતાવાદી કાર્યો કરવા તથા પોતાના સમુદાય અને સંપૂર્ણ સમાજનાં હિત માટે ધાર્મિક પ્રવૃત્તિઓમાં જોડાવું લાંબા સમયથી ભારતીય વેપારવાણિજ્યની પરંપરાનું અભિન્ન અંગ છે. પણ આ પ્રકારની પ્રવૃત્તિઓ કે ખર્ચા ઈરાદાપૂર્વકનાં, ટૂંકા ગાળાનાં અને મરજિયાત હતાં. જોકે એપ્રિલ, 2014થી કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટી (સીઆરઆર) (નીતિ) નિયમો (ધારા) લાગુ થતાં લઘુતમ નેટવર્થ રૂ. 500 કરોડ, કે રૂ. 1,000 કરોડનું ટર્નઓવર ધરાવતી, અથવા ઓછામાં ઓછા રૂ. 5 કરોડનો ચોખ્ખો નફો કરતી ભારતીય કંપનીઓ માટે છેલ્લાં ત્રણ વર્ષનાં તેમનાં સરેરાશ ચોખ્ખા નફાનો 2 ટકા હિસ્સો સીએસઆર પ્રવૃત્તિઓ પાછળ ખર્ચ કરવાનું ફરજિયાત બન્યું છે.

કંપની ધારા, 2013ની કલમ 135 અને કંપનીઝ (કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટી પોલિસી) રુલ્સ, 2014ને કોર્પોરેટ ક્ષેત્રમાંથી જબરદસ્ત આવકાર મળ્યો છે અને સામાજિક જવાબદારી સાથે સંબંધિત પ્રવૃત્તિઓ પર કોર્પોરેટ ખર્ચમાં વધારો થયો છે, છતાં ભારતમાં સીએસઆર ખર્ચ હજુ પણ ઓછો છે. આ કાયદો પસાર કરીને કોર્પોરેટ ક્ષેત્ર માટે સીએસઆરને ફરજિયાત ખર્ચ બનાવી ભારતે અગ્રણી દેશોમાં સ્થાન મેળવ્યું છે એમાં શંકાને સ્થાન નથી, છતાં આ ધારા કે નિયમનો દ્વારા નક્કી થયેલા માપદંડો ઘણી નફો કરતી કંપનીઓને વર્ગીકૃત અને અલગ કરે છે, જે અગાઉ આ પ્રકારની કામગીરીઓમાં સ્વૈચ્છિક રીતે સંકળાયેલી હોય એવું બની શકે છે.

**સ્ટાર્ટઅપ ટોક**

**ડો. ઈશ્વર કુમાર**

વર્ષ 2014 પછી અત્યાર સુધી છેલ્લાં એકથી બે વર્ષમાં કોર્પોરેટ ક્ષેત્રની સામાજિક જવાબદારી ધરાવતી પ્રવૃત્તિઓમાં (સીએસઆર)માં નોંધપાત્ર વધારો થયો છે, પણ સીએસઆરનો અંતિમ લક્ષ્યાંક હાંસલ કરવા ઉદ્યોગે વ્યવસાયમાં સારી કામગીરી કરવાની સાથે સમાજનાં વિકાસ માટે સારું કામ કરવાની દિશામાં હજુ લાંબી મજલ કાપવાની છે. સામાન્ય રીતે કંપનીને લઘુ ઉદ્યોગ કે સ્ટાર્ટ-અપમાંથી મોટા ઔદ્યોગિક જૂથ બનવાની સફર દરમિયાન વિવિધ પાર્ટનર સાથે વ્યવહાર કરવો પડશે અથવા સરકાર, કર્મચારીઓ, વિક્રેતાઓ, સપ્લાયર્સ, રોકાણકારો, શેરધારકો, ગ્રાહકો, અન્ય કંપનીઓ તથા વિસ્તૃતપણે જોઈએ તો સમાજ જેવા વિવિધ ભાગીદારો સાથે કામગીરી કરવી પડશે. સમાજ વ્યાવસાયિક ઈકોસિસ્ટમનો એક ભાગ છે અને જ્યાં સુધી સીએસઆર કાયદાનો અમલ થયો નહોતો, ત્યાં સુધી કોર્પોરેટ ક્ષેત્ર દ્વારા તેમને ઉચિત મહત્ત્વ આપવામાં આવ્યું નહોતું. હકીકત એ છે કે, કોઈ પણ ઉદ્યોગનો વિકાસ સમાજનાં સક્રિય સાથસહકાર વિનાં શક્ય નથી. એટલે આ કાયદો પસાર કરવા પાછળ સરકારનો ઉદ્દેશ એ સુનિશ્ચિત કરવાનો હતો કે, કોર્પોરેટ ક્ષેત્ર ભારતની જટિલ સામાજિક વિકાસની સમસ્યાઓનું સમાધાન કરવામાં સરકારી ક્ષેત્ર સાથે જોડાય. અત્યાર સુધી મીડિયા, વ્યવસાય અને સમાજમાંથી સીએસઆરને સારું સમર્થન મળ્યું છે તથા તમામ માને છે કે સીએસઆરથી સારું એવું પ્રોત્સાહન મળ્યું છે. લઘુતમ નેટવર્થ રૂ. 500 કરોડ, કે રૂ. 1,000 કરોડનું ટર્નઓવર ધરાવતી અથવા ન્યૂનતમ રૂ. 5 કરોડનો ચોખ્ખો નફો કરતી ભારતીય કંપનીઓ 3 વર્ષનાં સરેરાશ ચોખ્ખા નફાનો 2 ટકા હિસ્સો સીએસઆર ખર્ચ ફરજિયાત ભારતમાં સીએસઆર ખર્ચ હજુ પણ ઓછો હોવાનો અગ્રણી નિષ્ણાતોનો મત.

(લેખક: આસિસ્ટન્ટ ફેકલ્ટી, ઈડીઆઈઆઈ છે)